# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BHUPENDRA PATEL

ગાંધીનગર ખાતેથી 'મહાકુંભ-૨૦૨૫ 'માટે 'નિ:શુલ્ક વોટર એમ્બ્યુલન્સ'ને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં આજે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ વોટર એમ્બ્યુલન્સ દ્વારા કુંભમાં આવતાં શ્રધ્ધાળુઓ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# LOGISTIC AND CARGO MOVEMENT

**ગુજરાત સતત છઠ્ઠા વર્ષે લોજિસ્ટિક્સ અને કાર્ગો મુવમેન્ટ માટેની સુગમતાની કાર્યક્ષમતા માટે LEADS રેન્કિંગમાં દેશભરમાં મોખરે રહ્યું છે.** જેમાં ગુજરાતે સતત ત્રણ વર્ષથી "એચીવર્સ" કેટેગરીમાં પણ મોખરાનું સ્થાન મેળવ્યું છે. જે રેન્કિંગની ટોચની કાર્યક્ષમ કેટેગરી છે. નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ તથા કેન્દ્રીય ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જતીન પ્રસાદ દ્વારા "લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (LEADS) 2024" રિપોર્ટ અને રેન્કિંગ જાહેર કરાયા છે.

અત્રે ઉલલેખનીય છે કે, એક હજાર છસો કિલોમીટર લાંબા દરિયાકિનારા સાથે ૪૮ નોન-મેજર પોર્ટ્સ અને કંડલા પોર્ટ સાથે ગુજરાત રાજ્ય હંમેશા આંતરરાષ્ટ્રીય વેપાર માટેનું મુખ્ય આર્થિક કેન્દ્ર રહ્યું છે., મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતના દૂરંદેશી નેતૃત્વ હેઠળ રાજ્યની સક્રિય નીતિઓ અને સુસંગત માળખાને કારણે ગુજરાતે મોખરાનું સ્થાન મેળવ્યું છે. આ બધામાં મુખ્ય ભાગ  સુવિધાઓની ઉપલબ્ધતા અને ગુણવત્તા, રાજ્ય સરકાર દ્વારા લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે આપેલી સહાય અને વ્યવસાય સુગમતાનો રહેલો છે. આ ઉપરાંત ઇનોવેટીવ અને ઉત્તમ પ્રદર્શન કરનારી કંપનીઓને વિવિધ કેટેગરીમાં "Logistics Excellence, Advancement and Performance Shield (LEAPS)" એવોર્ડ આપવામાં આવ્યા હતા.

ગુજરાત હંમેશા રોકાણ અને માળખાકીય વિકાસ માટે નીતિ આધારિત અભિગમ અપનાવતું આવ્યું છે જેના પરિણામે ગુજરાત ૨૦૨૧માં લોજિસ્ટિક્સ ક્ષેત્ર-વિશિષ્ટ પૉલિસી ધરાવતા પ્રથમ રાજ્યોમાં સામેલ થયું હતું. આ નીતિના ઉત્તમ અમલીકરણ થકી અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત આજે શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યું છે.

. . . . . . . . . . . .

# KHEDA CYBER CRIME

સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા ખેડા જીલ્લાના નાગરિકોને કોર્ટનો ઓર્ડર મેળવીને નાણા પરત કરવામાં આવ્યાં છે. ખેડા જીલ્લા પોલીસમાં સાયબર ક્રાઇમની નોંધાયેલી ફરિયાદમાંથી 74 જેટલા અરજદારોને પોતાના નાણા પરત કરવાની કાર્યવાહી આરંભાઇ હતી.. તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત લોકદરબાર યોજાયો હતો જેમાં જીલ્લો પોલીસ વડા રાજેશ ગડિયાની ઉપસ્થિતિમાં એકાવન લાખ જેટલાં રૂપિયા કરતાં વધુના ફ્રિઝ કરાયેલા નાણા પરત આપવા અંગેનો અદાલતનો હુકમ મેળવી નાણાં પરત કરાયાં હતાં. નડિયાદ કોમ્યુનિટી હોલ ખાતે અરજદારોને આ નાણાં પરત કરવાનો કાર્યક્રમ યોજાયો. હોવાની માહિતી જીલ્લા પોલીસ વડા રાજેશ ગડિયાએ આપી હતી.

(બાઈટ - રાજેશ ગઢિયા જીલ્લા પોલીસ અધિક્ષક. ખેડા)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

# DWARKA ACCIDENT

દ્વારકા કુરંગા નજીક એક ટ્રાવેલ્સ બસ પલ્ટી જતાં 21 જેટલા મુસાફર ઈજાગ્રસ્ત થયા હતા. આ ઇજાગ્રસ્તમાંથી વધુ ઇજાગ્રસ્ત સાત જેટલા મુસાફરોને સારવાર અર્થે ખંભાળીયા ખસેડવામાં આવ્યા હતા.

આ ખાનગી બસમાં 56 લોકો હતા જેઓ અમદાવાદના રખિયાલના સ્થાનિકો હતા જેઓ દ્વારકા દર્શને આવતા હતા ત્યારે અચાનક વળાંક પર ડ્રાઈવર એ સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા બસ પલ્ટી મારી ગઇ હતી. ઘટનાની જાણ થતાં જ એમ્બ્યુલન્સ અને પોલીસ તેમજ તંત્ર દ્વારા તાત્કાલિક ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. ઇજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી હતી મેડિકલ ઓફિસર ડો. નિહાર ચોહાણે જણાવ્યું હતું.

(બાઇટ- ડો. નિહાર ચૌહાણ , મેડિકલ ઓફિસર)

. . . . . . . . . . . . .

# WORLD BRAILLE DAY

આજના ચોથી જાન્યુઆરીના દિવસને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો માટે સંદેશા વ્યવહારના સાધન તરીકે બ્રેઈલના મહત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે આ દિવસની ઉજવણી કરાય છે.

વર્ષ 2018માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બ્રેઈલ પ્રણાલિના વિચારક લુઈસ બ્રેઈલની જયંતી નિમિત્તે ચાર જાન્યુઆરીને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો પુસ્તકો અને પત્રિકાઓ વગેરે વાંચવા માટે બ્રેઈલ ભાષાનો ઉપયોગ કરે છે.

ભારતમાં સરકારે પ્રજ્ઞાચક્ષુ લોકોને તેમના અધિકારો, શિક્ષણ, રોજગાર અને એકંદર સુખાકારી માટે સશક્ત બનાવવા અનેક પગલાં લીધાં છે.

. . . . . . . . . . . . .

# Northen Railway - Short Terminate

ઉત્તર રેલવેના જમ્મુ તાવી મથક પર પુનઃવિકાસના કામના કારણે કેટલીક ટ્રેનને આંશિક રીતે રદ કરાઈ છે. 7થી 13 જાન્યુઆરી દરમિયાન ગાંધીનગરથી ઉપડનારી ગાંધીનગર કેપિટલ - જમ્મુ તાવી એક્સપ્રેસ, 12મી તારીખે સાબરમતી-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ અને ભાવનગર ટર્મિનસ - શહીદ કપ્તાન તુષાર મહાજન એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. ઉપરાંત આ કેટલીક ટ્રેનના પ્રારંભિક મથકો પણ બદલવામાં આવ્યા છે. ટ્રેનના સમય અને રોકાણ સહિતની માહિતી માટે, મુસાફરો રેલવેની વેબસાઇટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . . . .